

## વિષય : ધો.૧૦ અને ૧૨ ની બોર્ડની પરીક્ષામાં શાળાના ૧૦૦% વિદ્યાર્થીઓ પાસ થાય અને શાળાનું પરીણામ ૧૦૦% આવે અને વધુ વિદ્યાર્થીઓ A1 ગ્રેડમાં કેવી રીતે આવે?

- ડૉ.ભગુભાઇ આઇ. પ્રજાપતિ
ડાયરેકટરશ્રી

૧) **શાળાનું પરીણામ ૧૦૦% આવે** એ માટે દરેક વિષયમાં શિક્ષકે વ્યકિતગત વિદ્યાર્થીઓની ઉત્તરવહી તપાસી તેના લખાણમાં થતી ભૂલો તેને બતાવી, ભૂલો સુધારાવવી.

- વિદ્યાર્થીઓ કઇ કઇ જગ્યાએ વિષય વસ્તુને સમજી શકતા નથી અથવા યાદ નથી રહેતું તે બાબતનું નિદાન કરી ઉપચારાત્મક કાર્ય કરવું જોઇએ.
- દરેક શિક્ષક તેમના વિષયમાં ૧૦૦% પરિણામ લાવે તો શાળાનું પરિણામ ૧૦૦% જ આવે.
- વિષય વસ્તુના અઘરા મુદ્દાને સરળ બનાવી શીખવવા જેથી યાદ રહે અને લખી શકે.
- કાચા હોય, અનિયમિત હોય, શીખવામાં મોડા રહેતા હોય તેમને વ્યકિતગત બોલાવી કાઉન્સેલિંગ કરી તેમની કુટેવો દુર કરવા શિક્ષકે પ્રયત્નશીલ રહેવું પડે.

૨) **બોર્ડની પરીક્ષામાં A1 ગ્રેડમાં વધુ વિદ્યાર્થીઓ ઉર્તીણ થાય** તે માટે પ્રથમ તો ૮૫% થી વધુ ટકા લાવનાર વિદ્યાર્થીઓ હોશિયાર જ છે.

- આવા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષાના બધા જ વિષયોમાં ૯૫% થી વધુ ગુણ લાવે તે માટે તેમનું વ્યકિતગત કાઉન્સેલિંગ, માર્ગદર્શન જરૂરી છે. તેમને તેમની ભૂલો જણાવી ઉતાવળ ન કરવી વગેરેની જાણકારી આપી નબળાઇઓ દૂર કરવી.
- ઉત્તરવહીમાં સ્વચ્છ અક્ષરોમાં લખે, કશું છૂટી ન જાય, ટાઇમ મેનેજમેન્ટ, ૩ કલાકમાં બધાં જ સવાલનાં જવાબ લખાઇ જાય તેની પ્રેકટીસ કરાવવી. બાળકનો ઊત્સાહ વધારવો, ડીમોટીવેટ ન થઇ જાય તેની કાળજી રાખવી.

3) **બોર્ડની પરીક્ષામાં ૧૦૦ માંથી કોઇપણ વિષયમાં ૧૦૦ ગુણ લાવવા.**

- આમ તો વિદ્યાર્થી ૯૮, ૯૯, ૯૭, ૯૬, ૯૫ માર્કસ તો લાવતા જ હોય છે. પરંતુ કોઇક જવાબ ન આવડે તેને કારણે અથવા ઉતાવળને કારણે એકાદ બે માર્કસ ઓછા આવતા ૧૦૦ ગુણ રહી જાય છે.
- આ બાળકોને બોર્ડની પરીક્ષા ટાઇમ મુજબ ઉત્તરવહી બતાવવાની પ્રેકટીસ કરાવવી જોઇએ પછી તેને તપાસી વિદ્યાર્થીઓને તેની ભૂલો બતાવવી જોઇએ.
- પાઠ્ય-પુસ્તકનું વાંચન વધુ કરવું, ખૂણે ખાંચરેથી પૂછાતું હોય ત્યારે પાઠ્યપુસ્તકને પૂરૂં વાંચનાર જવાબ લખી શકે છે. કશું અશકય નથી.
- ઘણાં વિદ્યાર્થીઓ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવતા જ હોય છે. માત્ર ચોકસાઇપૂર્વક નિયમિત રીતે મહેનત અને પ્રેકટીસ કરવાની જરૂર છે.
- બાળકની મજબૂત ઇચ્છા, આત્મવિશ્વાસ, હિંમત પણ ૧૦૦ માંથી ૧૦૦ ગુણ લાવવા મદદરૂપ બને છે.

*Never think*
*I have nothing…*
*Never think*
*I have everything…*
*But, always think*
*I have something*
*and*
*I can achieve*
*anything*

## વિષય : વિજ્ઞાન મેળો, યુવક મહોત્સવ, બાળપ્રતિભા જેવી સ્પર્ધામાં જીલ્લા અને રાજય કક્ષાએ કેવી રીતે વિજેતા બનશો ?

- વિદ્યાર્થીઓને રસ હોય, રુચી હોય તેવા વિદ્યાર્થીઓની તારવણી કરવી.
- તેમને દરેક સ્પર્ધાના વિષયો અને તેના નિયમોથી જાણકાર બનાવવા.
- સ્પર્ધામાં નિયમોનું ચુસ્ત પાલન કરવાનું હોય છે.
- સ્પર્ધાનું ગુણાંકન/મૂલ્યાંકન શું છે તે જાણી લેવું.
- સ્પર્ધા પૂર્ણ થયા પછી રીઝલ્ટ આપનાર નિર્ણાયકોએ તેમાં કઇ-કઇ ભૂલ સુધારવા જેવી છે? તે જાણી આગળ જયાં જણાય ત્યાં સુધારા વધારા કરાવવા.
- તમે તાલુકા કક્ષાએ જતા હોય તો તે પહેલાં વારંવાર પ્રેકટીસ કરાવો, મૂલ્યાંકન કરાવો પછી જ લઇ જાવ.

– તાલુકામાં પ્રથમ આવો પછી જીલ્લામાં જતા હોય ત્યારે તે જ વિષય વસ્તુની ગુણવત્તાને ઉંચે લઇ જાવ કારણકે તમે જીલ્લામાં પ્રથમ છો પરંતુ રાજયના દરેક જીલ્લાના પ્રથમ ક્રમવાળા ત્યાં આવવાના છે.
– ઇચ્છાશકિત, ધ્યેય, ઉત્સાહ જબરજસ્ત રાખો. મહેનત અને પ્રેકટીસ કરો, કયારેય નિરાશ ના થાવ, હોંસલા બુલંદ રાખો.
– શિક્ષકનું માર્ગદર્શન તેની જીત માટે મહત્વનું બની રહે છે. આથી સંચાલક શિક્ષકે સતત અપગ્રેડ રહેવું. અને સતત તેને પ્રોત્સાહિત કરતાં રહેવું.
– વિજેતા પ્રમાણપત્રોની ફાઇલ બનાવો, જીતેલ મેડલ, ટ્રોફીને વારંવાર દેખાય તે રીતે ઘરમાં, ઓફિસમાં મૂકો જેથી જીતવાનો ઉત્સાહ ટકી રહે.

## શાળામાં ચાલતા વિવિધ પ્રયોગો/ પ્રોજેકટથી થતા ફાયદા

➢ મિત્રો શાળામાં સપના કરો સાકાર, જીવન કૌશલ્ય, પારસમણિ પ્રોજેકટ, સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રોજેકટ પ્રદર્શન, વિદ્યાર્થી વર્કશોપ સેમીનાર આવા અનેક કાર્યક્રમ ચાલે છે. જેમાં શાળાના ૧૦૦% બાળકો ભાગ લે છે. આથી કોઇ બાળક કાચો, કે ડફોળ નથી. દરેક બાળકને તક મળે છે. પ્લેટફોર્મ મળે છે. દરેકને આગળ આવવાની વિકસવાની તક મળે છે. આ શાળા દરેક વિદ્યાર્થીને વિકસવા પ્લેટફોર્મ આપે છે.

➢ આ શાળામાં પરીક્ષાની ઉત્તરવહી સવેલા તપાસી તેના રીઝલ્ટનું ફાઇવ સ્ટારમાં એનાલીસીસ થાય છે. વાલી મીટીંગ થાય છે, જેમાં વાલીની–વિદ્યાર્થીની હાજરીમાં ઉત્તરવહી બતાવવામાં આવે છે. વાર્ષિક પરીક્ષાની પણ ઉત્તરવહી વિદ્યાર્થી અને વાલીઓને બતાવવામાં આવે છે.

➢ શાળા શિક્ષકની પારદર્શિતા સ્પષ્ટ થાય છે. આનાથી શિક્ષક પણ સ્ટેજ બની કાર્ય પૂરુ કરે છે. સ્વયં ભણાવે છે. અને ઉત્તરવહી કાળજીપૂર્વક તપાસે છે.

➢ દર વર્ષે વિદ્યાર્થીઓની નવું નવું જાણવાની જીજ્ઞાસા વધે, નવું નવું જોવાની તેની દૃષ્ટિ વિશાળ બને, ઊંચું વિઝન મળે તે માટે શૈક્ષણિક પ્રવાસો નિયમિત રીતે યોજાયા હોય છે.

➢ શાળામાં દર વર્ષે બાળકની આંતરિક શકિતઓને બહાર લાવી શકે તેવી અનેક વિવિધ સ્પર્ધાઓ યોજાય છે.

➢ બાળ પ્રતિભા, યુવા ઉત્સવ, કલા મહાકુંભ, ખેલ મહાકુંભ, વિજ્ઞાન મેળો જેવી અનેક સ્પર્ધાઓમાં વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ તૈયાર કરી તાલુકા, જિલ્લા, ઝોન, રાજય કક્ષાએ વિવિધ સ્પર્ધાઓમાં મોકલવામાં આવે છે.

➢ શાળામાં દર વર્ષે વર્ષની શરૂઆતમાં વાર્ષિક આાયેજન વિદ્યાર્થી તથા વાલીને આપી દેવામાં આવે છે.

➢ શાળામાં વર્ષમાં અંતે દર વર્ષે નારાયણ ધ્વનિ અંક પ્રગટ કરવામાં આવે છે. આ મેગેઝિનમાં શાળાનાં વિદ્યાર્થીઓ, શિક્ષકોની શૈક્ષણિક પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવે છે. અને તેમના દરેકનાં મોટી સંખ્યામાં ફોટા છાપી પ્રોત્સાહિત કરાય છે. અત્યાર સુધીમાં શાળાએ કુલ-૩૭ નારાયણ ધ્વનિ અંક પ્રકાશિત કર્યા છે.

➢ જ્ઞાનસત્ર - દર વર્ષે નિયમિત રીતે શિક્ષકોની ૨ દિવસની સઘન તાલીમ યોજાય છે. જ્ઞાનસત્ર દ્વારા તેમની આંતરિક શકિતઓની ખીલવણી થાય છે.

➢ દરેક શિક્ષક પોતાના વિષયમાં વિવિધ પધ્ધતિથી પ્રેઝન્ટેશન કરી આંતરિક જ્ઞાનથી સમૃદ્ધ થાય છે.

જ્ઞાનસત્રની શરૂઆતમાં ડૉ. ભગુભાઇએ નીચેની સાત વાર્તાઓ કરીને શિક્ષકોને ઉત્સાહિત કર્યા હતા. તેમનામાં મોટીવેશન, ચિંતનાત્મક, વૈચારિક, મનોવૈજ્ઞાનિક વલણો વિકસે તે માટે નીચેની સાત વાર્તાઓ રજૂ કરી હતી.

**વાર્તાઓ :**

(૧) બકકલ અને ઘડિયાળના પટ્ટાની વાર્તા
(૨) ટગર ટગર જોયા કરે છે.
(૩) હાથીનું ડોકું કાપી નાખ્યું.
(૪) છાસમાં સાપ વલોવાઇ જાય છે.
(૫) માલપૂડાની વાર્તા
(૬) નદીને દૂધથી ભરી દો, જાનની વાત



**મોબાઇલના રોજના ૧ કે ૨ જીબી ડેટા પૂરા કરવા માટે જેટલી મહેનત કરો છો એટલી મહેનત ભણવા માટે કરજો કારણકે... તમે કરાયેલું રિચાર્જ જો તમે વ્યર્થ નથી જવા દેતા તો.. તમારા ભણવા પાછળ તમારા માતા-પિતાએ વર્ષે જે હજારો રૂપિયાનું રિચાર્જ કરે છે... તો.... એમના ડેટાને પણ એક સારા બેટા બનીને ન્યાય આપજો અને એમના સપના પૂરા કરજો. મોબાઇલનો ડેટા ફરી આવશે પણ ભણવાનો ડેટા નહિ આવે.**